આજની પ્રાર્થના....
જ્ઞાનહીન અમ આત્મ
સકલમાં, ક્ષમા-ભાવહીન
અંતરતરમાં, ભર સુગંધ
અમ અંગ-અંગમાં, કર પ્રદાન
તુજ જ્યોતિ મંગલા,
તવ શિશુઉર ભર દે... વર દે !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૦ | ૩૧ મે, ૨૦૨૧, સોમવાર; વૈશાખ વદ - ૫ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# જૂનમાં દેશને રસીના ૧૨ કરોડ ડોઝ મળશે

**કોરોના સામેની જંગમાં વેક્સિનની અછત નહીં સર્જાય : કોરોનાની વિરુદ્ધ ભારતમાં ચાલતા દુનિયાના સૌથી મોટા રસીકરણ અભિયાનની ગતિ જૂન માસમાં વધુ તેજ થશે**



નવી દિલ્હી, તા. ૩૦

કોરોના વાયરસની વિરુદ્ધ ભારતમાં ચાલી રહેલા દુનિયાના સૌથી મોટા રસીકરણ અભિયાનની ગતિ હવે વધુ તેજ થશે. આવું એટલા માટે કારણ કે આગામી જૂન મહિનામાં રાષ્ટ્રીય કોવિડ વેક્સીનેશન કાર્યક્રમ માટે ૧૨ કરોડ વેક્સીનના ડોઝ ઉપલબ્ધ હશે. સમાચાર એજન્સીએ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના હવાલાથી રવિવારે આ જાણકારી આપી છે.

આ પહેલા મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે દેશમાં કોવિડ-૧૯ વેક્સીનના અત્યાર સુધી આપવામાં આવેલા કુલ ડોઝની સંખ્યા વધીને ૨૧ કરોડથી વધી ગઈ છે. મંત્રાલયે કહ્યું કે શનિવારે ૧૮-૪૪ ઉંમર વર્ગના ૧૪,૧૫,૧૯૦ લોકોને પહેલો ડોઝ આપવામાં આવ્યો અને આજ સમૂહના ૯,૦૭૫ લોકોને કોવિડ-૧૯ વેક્સીનનો બીજો ડોઝ આપવામાં આવ્યો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે વેક્સીનેશન અભિયાનના ત્રીજા ચરણની શરૂઆત બાદથી દેશભરમાં કુલ મળીને ૧,૮૨,૨૫,૫૦૯ લોકોને પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. તેઓએ કહ્યું કે, બિહાર, દિલ્હી, ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ૧૮-૪૪ ઉંમર વર્ગના ૧૦ લાખથી વધુ લાભાર્થીઓને વેક્સીનનો પહેલો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે.

મંત્રાલયે કહ્યું કે, સાંજે ૭ વાગ્યાના અસ્થાયી રિપોર્ટ અનુસાર, દેશમાં કુલ મળીને ૨૧,૧૮,૩૯,૭૬૮ ડોઝ આપવામાં આવ્યા છે.

# અમેરિકા, ચીન સહિત ૬ દેશોમાં માસ્ક પહેરવામાંથી મુક્તિ

વોશિંગ્ટન,તા.૩૦

કોવિડ-૧૯ના ભયાનક સંક્રમણની બીજી લહેરનો સામનો કર્યા બાદ હવે ભારતમાં રિકવરી રેટ ૯૦.૮૦ ટકા પર પહોંચી ગયો છે. ત્યાં જ સક્રિય મામલાઓની સંખ્યા ઘટી રહી છે. આ બીજી લહેરના અંતનું સકારાત્મક સંકેત છે. પરંતુ તે છતા દેશમાં સ્થિતિ સામાન્ય થવામાં ઘણો સમય બાકી છે. ત્યાં જ દુનિયામાં ઘણા દેશો એવા છે, જેમણે કોરોનાના કહેરનો સામનો તો કર્યો જ પરંતુ મોટા ભાગની વસ્તીનું વેક્સિનેશન કરી માસ્ક પહેરવાની અનિવાર્યતાને સમાપ્ત કરી દીધી છે.

ઈઝરાઈલના સ્વાસ્થ્ય મંત્રીએ આ વર્ષે એપ્રિલમાં ખુલી હવામાં ફેસ માસ્ક પહેરવાના ફરજિયાત નિયમને ખતમ કરી દીધો છે. ઈઝરાઈલે ૨૦ ડિસેમ્બરે કોવિડ-૧૯ રસીકરણ શરૂ કર્યું હતું. દુનિયામાં જે દેશોએ સૌથી ઝડપી વેક્સિનેશન કર્યું તેમા ઈઝરાઈલ પણ એક છે. અહિં કોવિડ સંક્રમણના કુલ ૮,૩૯,૦૦૦ મામલા અને ૬,૩૯૨ મોત થયા હતા. ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી જેસિંડા અર્ડર્ને મહામારીને ખુબ જ સારી રીતે હેન્ડલ કરી, જેના કારણે આ દેશ પણ લગભગ માસ્ક ફ્રી થઈ ગયો છે. હવે અહીંયા લોકોને માત્ર પબ્લિક ટ્રાંસપોર્ટ અને ફલાઈટમાં જ માસ્ક પહેરવું પડે છે. ભૂટાને માત્ર ૨ અઠવાડિયામાં જ પોતાની ૯૦ ટકાથી વધારે વયસ્ક વસ્તીને રસી આપી દેવામાં આવી છે. આ દેશમાં પણ હવે માસ્ક પહેરવું ફરજીયાત નથી.

હવાઈમાં પણ હવે લોકોને ઘરની બહાર માસ્ક પહેરવું જરજીયાત નથી. અહીંયા કોવિડ કેસની સંખ્યા ખુબ જ ઓછી થઈ ગઈ છે અને મોટાભાગના લોકોને વેક્સિન આપી દેવાઈ છે. અહીયાના ગવર્નર ડેવિડ ઈગે મંગળવારે કહ્યું કે, એવા લોકોને ઘરમાં



માસ્ક પહેરવું પડશે, જમણે પોતે અથવા ઘરના કોઈ સભ્યએ રસી લીધી નથી. સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેંશનએ કહ્યું કે, અમેરિકામાં હવે તે લોકોને ઘરમાં અથવા બહાર માસ્ક પહેરવું અને અન્ય લોકોથી ૬ ફૂટ દૂર રહેવાની જરૂર નથી, જેમણે વેક્સિનના બંન્ને ડોઝ લઈ લીધા છે. જોકે તે લોકોએ માસ્ક પહેરવું પડશે જે હેલ્થ ફેસેલિટીમાં કામ કરે છે. આ સિવાય વેક્સિન લગાવી ચૂકેલા લોકોને પણ ફલાઈટ સહિત તમામ પ્રકારના પબ્લિક પ્લેસમાં યાત્રા દરમિયાન માસ્ક પહેરવું પડશે. જે દેશમાં કોરોના વાયરસની ઉત્પત્તિ થઈ અને આખી દુનિયામાં ફેલાઈ ગયો, તે ચીન પણ માસ્ક ફ્રી થઈ ગયુ છે. સાથે જ અહીં તમામ લોકોનું રસીકરણ પણ થઈ ગયુ છે. અહીંયા પણ માત્ર હોસ્પિટલ અને પબ્લિક ટ્રાંસપોર્ટમાં માસ્ક પહેરવું ફરજીયાત છે.

# વેક્સિનેશન પેકેજ પર રોક લગાવવા નિર્દેશ

**કેન્દ્ર સરકારે રાજ્યોને કાર્યવાહીના નિર્દેશ આપ્યા : ઘણી ખાનગી હોસ્પિટલ, હોટલો કોવિડ રસીકરણ માટે પેકેજ આપે છે જે બહાર પડાયેલ દિશા નિર્દેશની વિરુદ્ધ છે**

નવી દિલ્હી, તા. ૩૦

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એવા સંસ્થાનો વિરુદ્ધ કાનૂની કે પ્રશાસનિક કાર્યવાહી કરવાનું જણાવ્યું છે જે નિર્ધારિત દિશા નિર્દેશોનો ભંગ કરીને હોટલો સાથે ભાગીદારીમાં કોવિડ રસીકરણનું પેકેજ આપી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મનોહર અગનાનીએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખેલા પત્રમાં કહ્યું કે મંત્રાલયના ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક ખાનગી હોસ્પિટલ કેટલીક હોટલો સાથે મળીને કોવિડ રસીકરણ માટે પેકેજ આપી રહ્યા છે જે રાષ્ટ્રીય કોવિડ રસીકરણ કાર્યક્રમ માટે બહાર પાડવામાં આવેલા દિશા નિર્દેશોની વિરુદ્ધ છે.

પત્રમાં અગનાનીએ લખ્યું છે કે સરકારી કોવિડ રસીકરણ કેન્દ્ર અને ખાનગી કોવિડ રસીકરણ કેન્દ્ર, કાર્યસ્થળ, વૃદ્ધો અને દિવ્યાંગો માટે ઘરની પાસે કોવિડ રસીકરણ કેન્દ્ર ઉપરાંત રાષ્ટ્રીય કોવિડ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત અન્ય કોઈ સ્થળે રસીકરણ કરી શકાય નહીં. આથી હોટલોમાં રસીકરણ દિશાનિર્દેશોની વિરુદ્ધ છે અને તેને તત્કાળ રોકવામાં આવે.

સરકારે આ સમગ્ર ઘટનાક્રમ પર નારાજગી વ્યક્ત કરતા આદેશ આપ્યો કે કોઈ પણ ૫ સ્ટાર હોટલ કે અન્ય કોઈ પ્રાઈવેટ જગ્યાએ રસી અપાશે નહીં. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈન્સ હેઠળ કોવિડ રસી ફક્ત ૪ જગ્યાએ જ મૂકવામાં આવશે જેમાં આ જગ્યાઓ જ સામેલ હોઈ શકે છે.

કેન્દ્ર સરકારના અધિકારીના જણાવ્યાં મુજબ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિગરાણી કરવાની અને એ સુનિશ્ચિત કરવાની ભલામણ કરાઈ છે કે નિર્ધારિત દિશા નિર્દેશો મુજબ રસીકરણ અભિયાન ચલાવવામાં આવે. હાલ ભારતમાં રસી ટુરિઝમનો ક્રેઝ સતત વધી રહ્યો છે. આ કડીમાં ખુદ સ્પુતનિક કંપનીએ પણ ટ્વીટ કરી હતી. હાલ તો મોસ્કો લોકોની પહેલી પસંદ છે. વાત જાણે એમ છે કે દિલ્હીની એક ટ્રાવેલ એજન્સીએ ૨૪ દિવસની ટુર પેકેજ પણ ઓફર કરવાની શરૂ કરી દીધી હતી. જ્યારે ભારતમાં કેટલીક હોટલોમાં ટાઈઅપ દ્વારા આ પ્રકારના પેકેજ આપવાની ખબરો સામે આવી હતી જેને કેન્દ્ર સરકારે ગંભીરતાથી લીધી.

## દેશમાં કોરોનાના કેસમાં ઘટાડો

નવી દિલ્હી, તા. ૩૦

ભારતમાં કોરોનાના નવા કેસમાં અને મૃત્યુના આંકડામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૧.૬૫ લાખ નવા કેસ નોંધાયા છે જ્યારે ૩૪૦૦થી વધુ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૬૫,૫૫૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૭૮,૯૪,૮૦૦ થયો છે. જેમાંથી ૨૧,૧૪,૫૦૮ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક દિવસમાં ૨,૭૬,૩૦૯ લોકો કોરોનાથી રિકવર થયા છે. આ સાથે કુલ રિકવર થયેલા લોકોનો આંકડો ૨,૫૪,૫૪,૩૨૦ થયો છે. ૨૪ કલાકમાં ૩૪૬૦ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. દેશમાં કોરોનાથી થયેલા કુલ મૃત્યુનો આંકડો ૩,૨૫,૯૭૨ થયો છે.

આ અગાઉ શનિવારે જાહેર કરેલા આંકડા મુજબ ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧.૭૩ લાખ જેટલા કોરોનાના નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૩૫૧૭ લોકોના કોરોનાથી મૃત્યુ થયા.

# પડકાર મોટો હોય પણ ભારતનો વિજય સંકલ્પ એટલો મોટો રહ્યો

**આ સંકટની ઘડીમાં ખુબ ધૈર્ય સાથે, અનુશાસન સાથે સામનો કર્યો છે, હું હૃદયપૂર્વક-આદરપૂર્વક દેશભરના તમામ નાગરિકોને વડાપ્રધાને બિરદાવ્યા**

નવી દિલ્હી, તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશવાસીઓને સંબોધન કર્યું. આ કાર્યક્રમની આજે



૭૭મી શ્રેણી હતી. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે દેશમાં હાલમાં જ ત્રાટકેલા બે વાવાઝોડા તૌકતે અને યાસનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે હાલમાં જ છેલ્લા ૧૦ દિવસમાં જ દેશે બે મોટા વાવાઝોડાનો સામનો કર્યો. આ દરમિયાન તેમણે એક ઓક્સિજન આપૂર્તિ કરનારા ટેન્કર ચાલક સાથે પણ વાત કરી.

પીએમ મોદીએ કહ્યું કે તાજેતરમાં છેલ્લા ૧૦ દિવસમાં દેશે બે વાવાઝોડાનો સામનો કર્યો. જેણે અનેક રાજ્યોને પ્રભાવિત કર્યા. દેશ અને દેશની જનતા તેની સામે પૂરેપૂરી તાકાતથી લડી અને ઓછી જાનહાનિ સુનિશ્ચિત કરી. આપણે હવે એ અનુભવ કરીએ છીએ કે પહેલાના વર્ષોની સરખામણીએ વધુમાં વધુ લોકોના જીવ બચાવી રહ્યા છીએ. પીએમ મોદીએ કહ્યું કે પડકાર ગમે તેટલો મોટો હોય, ભારતનો વિજય સંકલ્પ પણ હંમેશા એટલો જ મોટો રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે આફતની આ કપરી અને અસાધારણ પરિસ્થિતિમાં વાવાઝોડા પ્રભાવિત તમામ રાજ્યોના લોકોએ જે પ્રકારે સાહસનો પરિચય આપ્યો છે, આ સંકટની ઘડીમાં ખુબ ધૈર્ય સાથે, અનુશાસન સાથે સામનો કર્યો છે...

હું આદરપૂર્વક, હૃદયપૂર્વક તમામ નાગરિકોને બિરદાવવા માંગુ છું. કેન્દ્ર, રાજ્ય સરકારો અને સ્થાનિક પ્રશાસન તમામ, એક સાથે મળીને આફતનો સામનો કરવામાં લાગ્યા છે. જે લોકોએ આગળ આવીને રાહત અને બચાવ કાર્યમાં ભાગ લીધો એવા તમામ લોકોની જેટલી પણ પ્રશંસા કરીએ તે ઓછી છે. હું તે તમામને સેલ્યૂટ કરું છું.


પીએમ મોદીએ કહ્યું કે જેમણે પણ પોતાના સ્વજનો ગુમાવ્યા તે તમામ લોકો પ્રત્યે હું મારી સંવેદના વ્યક્ત કરું છું. આપણે બધા આ કપરા સમયમાં જેમણે પણ આ આફતનું નુકસાન ઝેલ્યું છે તેમના પડખે મજબૂતાઈથી ઊભા છીએ.

# મેહુલ ચોક્સીને ભારત લાવવા ભારતીય જેટ ડોમિનિકા પહોંચ્યું

નવી દિલ્હી, તા. ૩૦

પીએનબી કૌભાંડના આરોપી અને ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીને ભારત લાવવાની કોશિશો તેજ થઈ છે. જાણવા મળ્યું છે કે ભારતથી એક ખાનગી જેટ ડોમિનિકા પહોંચ્યું છે. જેની પુષ્ટિ એન્ટીગુઆના પ્રધાનમંત્રી ગેસ્ટન બ્રાઉને કરી છે અને કહ્યું કે ડોમિનિકાના ડગલાસ-ચાર્લ્સ એરપોર્ટ પર ભારતનું એક ખાનગી જેટ છે. પીએમ બ્રાઉને સ્પષ્ટતા કરી કે ડગ્લાસ-ચાર્લ્સ એરપોર્ટ પર ભારતનું એક ખાનગી જેટ છે.


## ટેલિફોનિક બેસણું




અમારા સુપુત્રી રચના દર્શનકુમાર અંજાનનું તા. ૨૯/૦૫/૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયું છે. પ્રભુને ગમ્યું તે ખરું. સ્વર્ગસ્થનું પિયર પક્ષનું ટેલિફોનીક બેસણું તા. ૦૧/૦૬/૨૦૨૧ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે રાખેલ છે.

પ્લોટ નં. ૬૦૫-૧, સેક્ટર-૮, ગાંધીનગર

જયંતિલાલ ગોવિંદભાઈ સોલંકી (પિતા) મો. ૯૪૨૮૮૦૭૬૦૦
નીરૂબેન જયંતિલાલ સોલંકી (માતા)
બકુલ ગોવિંદભાઈ સુરતી (કાકા) મો. ૯૬૬૨૦૮૮૦૧૪
જ્યોતિબેન વિનયકુમાર મૈત્રેય (બહેન)
વિનયકુમાર મૈત્રેય (બનેવી)
નીરજકુમાર જયંતિલાલ સોલંકી (ભાઈ) મો. ૯૯૦૯૪૨૩૨૯૩
વૈશાલી નીરજકુમાર સોલંકી (ભાભી)
અમિતકુમાર જયંતિલાલ સોલંકી (ભાઈ) મો. ૮૮૪૯૮૩૭૬૭૨
ઋતા અમિતકુમાર સોલંકી (ભાભી)




## ટેલિફોનિક બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી

**સ્વ. સાંકળચંદ રામદાસ પટેલ ( એસ. આર. પટેલ )**

તા. ૩૦-૫-૨૦૨૧ ને રવિવાર ના રોજ પરમધામ પામેલ છે.
ગામ - રાજપુરા ( માણસા ),
હાલ ૬૮/૬૯, નંદનવન બંગલો કોબા,ગાંધીનગર.

**વર્તમાન પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખીને સદ્ગતનું ટેલિફોનિક બેસણું રાજપુરા - ૩૧-૫-૨૦૨૧ સોમવાર ના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે, નંદનવન ( કોબા,ગાંધીનગર ) - સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે.**

લિ.
ગં સ્વ. નીરુબેન સાંકળચંદ પટેલ
ગં સ્વ. મંગુબેન સાંકળચંદ પટેલ
ગોવિંદભાઈ રામદાસ પટેલ
અમિતભાઇ સાંકળચંદ પટેલ - ૯૮૭૯૫ ૫૪૩૯૪
મિતેષભાઈ સાંકળચંદ પટેલ - ૯૮૨૫૬ ૫૪૩૯૪
શ્રેયસભાઈ સાંકળચંદ પટેલ - ૯૪૨૬૦ ૭૦૧૦૦
શ્વેતાબેન એ પટેલ | પૂનમબેન એમ પટેલ | ધારાબેન એસ પટેલ

શિવાલય ગ્રુપ

**રાજપુરા ગામના મોભી અને ગામના સુખ દુ:ખમાં ભાગીદાર બની સેવા કાર્ય આપતા એવા પટેલ સાંકળચંદ રામદાસ (એસ. આર. પટેલ)ના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના.**